सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૧૬ | જુલાઈ ૧૯૯૫ | અંક ૧

## વાલીઓને ....

### શ્રેણી ૧૦ પછી પ્રવેશની સમસ્યા....

દર વર્ષે શ્રેણી ૧૦નું પરિણામ આવે પછી પાસ થયેલા વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે ઠીક ઠીક સમય સુધી વાલીઓ અને વિદ્યાર્થીઓ પ્રવેશ અંગે ઉચાટ સેવે છે. આવું માત્ર સામાન્ય ટકાવારી મેળવેલા વિદ્યાર્થીઓ માટે નહીં પરંતુ ઠીક ઠીક ઊંચી ટકાવારી સાથે પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે પણ આવા ઉચાટ સેવવાના આવે તે બેહુદુ અને આશ્ચર્યજનક તો છે જ પણ આયોજન વિહીન વ્યવસ્થાની સાબિતી પણ છે.

આ અંગે થોડો ભૂતકાળ જોઈએ તો ૧૦ +૨ ની તરાહ લાવવા પાછળનો મુખ્ય ઉદ્દેશ તો સોળેક વર્ષની ઉંમરે પોતાની શાળાનું વાતાવરણ વિદ્યાર્થીને ન છોડવું પડે તે માટે એકાદ વર્ષનો વધારો કરવાનો હતો. જેમની પાસે શ્રેણી ૧૦ નું એકથી વધારે ધોરણ હોય તેવી શાળાઓએ આ તરાહનો સ્વીકાર કર્યો હોત તો કદાચ આજના વિકટ પ્રશ્નો ઉભા ન થાત. જેમને આ તરાહ અને તેમાંથી ઉભી થતી પરિસ્થિતિનો અંદાજ હતો તે શાળાઓએ આ તરાહનો સ્વીકાર ન કર્યો.પોતાના વિદ્યાર્થીઓ શ્રેણી ૧૦ પછી ક્યાં જશે? તેવો વિચાર કરી કેટલીક શાળાઓએ આ તરાહ કચવાતે મને સ્વીકારી. છેવટે પરિણામ એ આવ્યું છે કે જેમણે પોતાની શાળાના વિદ્યાર્થીઓની ચિંતા સેવીને આ તરાહ સ્વીકારી તેમના ઉપર , જવાબદારીમાંથી છટકી જનાર શાળાઓનો ભાર ઉઠાવવાની વ્યવસ્થા સરકારશ્રીએ ઉભી કરી છે.શાળાઓ પોતે વિદ્યાર્થીઓના પ્રવેશની નીતિ ઘડે અને નિયમ પ્રમાણે જ વર્તે તે અવશ્ય જરુરી છે. પણ સરકારશ્રી પોતાના નિયમો ઘડીને શાળાઓ પાસે તેના અમલનો આગ્રહ રાખે તે યોગ્ય નથી. દર વર્ષે પરિણામ પછી ઘણાં લાંબા સમય સુધી પ્રવેશનું આ કાર્ય ચાલે છે અને અભ્યાસના દિવસોનો નાહકનો વ્યય થાય છે. અન્ય કોઈ રાજયોમાં શ્રેણી ૧૦ પછી પ્રવેશ અંગે આવી હાલાકી થતી હોય તેવું જાણમાં નથી. વિદ્યાર્થીઓને શ્રેણી ૧૦ પછી પોતાની શાળા છોડવી ન પડે તેવા પ્રયત્નો વાલીઓએ કરવાનું હવે અનિવાર્ય હોય તેવું લાગે છે. આટલા વર્ષોના અનુભવોના સંદર્ભમાં પ્રવેશના નિયમોની પુન:વિચારણા કરવી અનિવાર્ય છે.

**દિનુભાઈના વંદન**

## પ્રભુ !તારી રચના .....

હે પ્રભુ ! તારી આ
કેવી રચના ?
ફૂલ છે ત્યાં કાંટા છે,
સુખ છે ત્યાં દુ:ખ છે,
સજ્જન છે ત્યાં દુર્જન છે,
પુણ્યછે ત્યાં પાપ છે,
પાંડવ છે ત્યાં કૌરવ છે,
કૃષ્ણ છે ત્યાં કંસ છે,
અહિંસા છે ત્યાં હિંસા છે.
દ્વંદ્વોથી ભરેલી આ દુનિયામાં
માણસ અટવાતો ફરે છે.

**શાલિન કે.શાહ (૯ક )**

## બનવું હતું મારે......

કોમળ કળી શાં બનવું હતું,
પણ કંટક જેવી બની ગઈ હું
ખળખળ વહેતી નદીના નીર જેવાં
હસતા રમતા બનવું હતું
પણ બની ગઈ હું નાનું નાળુ.
સૂસવાટા મારતા પવનની જેમ
મસ્ત બની વિહરવું હતું
પણ સંસારમાં સ્થિર હું થઈ ગઈ.
આશા હતી સ્વર્ગ જેવા સુખની
પણ દુ:ખના દરિયામાં ફસાઈ ગઈ.
સેવેલા સોનેરી શમણાં
આમ તેમ સરી પડયાં
મનની ઈચ્છાઓ ને આશાઓ
હાથથી બધી સરી ગઈ.

**હરિતા શાહ (૯અ)**

## -આટલું તો કરીએ જ ...

"કુનાલ શું વાગ્યું ? આટલું બધું લોહી નીકળે છે ને! ઉભો રહે બેટા ! પહેલા તારો ઘા સાફ કરી દવા લગાડી દઉં ને પછી મમ્મીને ફોન કરીએ.. તારા ઘરનો ફોન નંબર શું છે બેટા ?''

''બેન! મને યાદ નથી.'' પાંચમાં ધોરણમાં ભણતા કુનાલને તેનાં પોતાનાં ઘરનો ફોન નંબર યાદ ન હતો એનું દફતર મંગાવ્યું. એક પછી એક નોટ જોઈ તો એક નોટને છેક છેલ્લે પાને તેના ઘરનો નંબર તો નીકળ્યો, એ જોડયો પણ તે પણ બદલાઈ ગયો હતો. બદલાયેલો નંબર જૂના નંબરને ઠેકાણે સુધારાઈને લખાયો ન હતો.... હવે? .... બાળકને લેવા આવવાનો સંદેશો કેવી રીતે પહોંચાડવો ? નંબર બદલાય એ જ દિવસે એ નંબર બાળકની બધી જ નોટમાં લખાઈ જવો ન જોઈએ? ક્યારેક ઈમરજન્સી ઉભી થાય તો બાળક કેવું નિ:સહાય બની જાય ! પોતાનાં જ સંતાન માટેની આટલી જાગૃતિ તો માબાપમાં હોવી જ જોઈએને !

બીજા ધોરણમાં ભણતો ચિરાગ તાવ સાથે આવ્યો.... ઠંડી ચઢી હતી... ફોનથી તેના મમ્મીને સંદેશો આપવાનો ઘણો પ્રયત્ન કર્યો પણ ફોન ન જ જોડાયો, વિચાર્યું , તેનેઘેર મૂકી આવવાની વ્યવસ્થા કરું. સરનામું પુછયું ... ચિરાગને તેના ઘરનું સરનામું ખબર ન હતી. એને ઘેર કેવી રીતે પહોંચાડવો ? બાળકને તેનું પૂરું નામ, તેના ઘરનું સરનામું, ફોનનંબર , પપ્પાનો ફોન નંબર અને મમ્મી પણ કામ કરતી હોય તો તે ફોન નંબર , આટલી માહિતી તો તેને હોવી જ જોઈએ. બાળક તે યાદ ન રાખી શકે તો એની દરેક નોટ ઉપર એ માહિતી હોય એ ખૂબ જરુરનું છે. ક્યાંક અચાનક જ અસાધારણ સંજોગો ઉભા થાય તો ! માબાપે તે માટે જાગૃતિ સેવવી જ પડે. બાળકમાં રસ લેવો પડે. તેને માટે સમય ફાળવવો પડે.

બાળક માબાપ વિષેની આ માહિતીથી વંચિત હોય ત્યારે ખૂબ નિ:સહાય બની જાય છે. ક્યારેક તો બાળક માંદુ હોય તેનો ફોન કર્યો હોય પણ ઘણાં લાંબા સમય સુધી કોઈ લેવા જ ન આવે, બાળક બિચારું રડતું રડતું કાગને ડોળે રાહ જોઈને બેઠું હોય...... ફરી ફોન થાય. જવાબ મળે, ' મમ્મી બહાર ગઈ છે ' અસાધારણ સંજોગો ગમે ત્યારે ઉભા થાય તેવી પરિસ્થિતિને નજર સમક્ષ રાખી માતાપિતા તેમનાં આખાય દિવસના કાર્યક્રમનું આયોજન કરે, તેમના બાળકને તેનાથી માહિતગાર રાખે તો ઘણાં પ્રશ્નો ઉકલી શકે.અરે! ફી ભરવા કે નાસ્તાનો ડબ્બો આપવા આવતાવાલીને પોતાના બાળકના વર્ગ કે ધોરણ પણ ખબર હોતા નથી. કેટલી મુશ્કેલી !

વાલીઓની આ માટે જાગૃતિ અને સહકારની ખાસ અપેક્ષા છે.

**ઊર્મિલા શાહ**

"પુસ્તકો વગરનો ખંડ આત્મા વગરનાં શરીર જેવો છે."

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

બાલમંદિરમાં નવા બાળકોનું આગમન થયું છે. બાલમંદિરના પ્રેમભર્યા, ઉમંગભર્યા ને મુક્ત વાતાવરણમાં તેઓ ઓતપ્રોત થવા માંડયાં છે. વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર તન્મય થવા માંડયાં છે. બાલમંદિર તેમને પોતાનું લાગવા માંડયું છે. એના વાતાવરણમાં તેઓ ગોઠવાઈ ગયા છે.

વાલીઓને ખાસ વિનંતી કે આપનાં બાળકને બાલમંદિરમાં સમયસર આવવાની ટેવ અત્યારથી જ પાડવી. જીવનમાં નિયમિતતા અને શિસ્તની કેળવણી માટે તે ખૂબ અગત્યનું છે.

તમારા બાળક અંગે કોઈ પ્રશ્ન હોય તો તે અંગે ઓફીસમાંથી અગાઉ મુલાકાતનો સમય લેવો. જે સામાન્ય રીતે બુધ અને શુક્રવારે શાળા છૂટયા પછીનો હોય છે. આ અંગે કોઈ શિક્ષકનો સીધો સંપર્ક ન કરવા ખાસ સૂચના આપવામાં આવે છે. બાળકો હવે ગૌરીવ્રત અને સ્થાપનાદિનના ઉત્સવની તૈયારીઓ કરી રહયાં છે.

## શિશુમંદિર

### ચૂંટણી

તા.૬-૭-૯૫ ના રોજ યોજાયેલ ચૂંટણીમાં નીચેના વિદ્યાર્થીઓ ચૂંટાયેલ જાહેર થયાં. તે બદલ તેમને અભિનંદન.

ભાઈઓ : (મહામંત્રી) પુરાણી વૈભવ ૭બ
( ઉપમંત્રી ) ગોસલીયા મનન ૭ક
બહેનો : ( મહામંત્રી) શાહ માનસી ૭બ
( ઉપમંત્રી ) વૈદ્ય કાનન ૭અ

ઈતરપ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે આંતરગૃહ નેતા તથા ઉપનેતાની નિયુક્તિ કરવામાં આવી છે.

રત્નદીપ : ભાઈઓ-( નેતા) પૂજારા મુકેશ ૭ક
(ઉપનેતા) ચોક્સી મિતુલ ૭અ
બહેનો: ( નેતા) શાહ શિરાલી ૭બ
( ઉપનેતા) શાહ એક્તા.

મેઘનાદ: ભાઈઓ:( નેતા) લાખિયા રૈવત ૭ક
( ઉપનેતા) શાહ આલાપ ૭અ
બહેનો : ( નેતા) શેઠ એક્તા ૭બ
( ઉપનેતા) શ્રોફ શેનલ ૭અ

ધવલગિરિ: ભાઈઓ: (નેતા) સોપારકર કૌશલ ૭બ
(ઉપનેતા) શાહ ક્યવન ૭બ
બહેનો: (નેતા) શુક્લ અદિતિ ૭ક
(ઉપનેતા ) પટેલ મેહા ૭અ

ગંગોત્રી: ભાઈઓ: (નેતા) પરીખ માલવ ૭બ
(ઉપનેતા) શાહ પંથેશ ૭બ
બહેનો : (નેતા ) ત્રિવેદી અવનિ ૭ક
(ઉપનેતા) ત્રિવેદી શિવાની ૭ક

**સૌ ભાઈ-બહેનોને ધન્યવાદ**

## આંતરગૃહ સ્પર્ધા:

**મહેંદી સ્પર્ધા : ૧૦-૭-૯૫**

**પ્રથમ** : પટેલ મેહા (ધવલગિરિ)
**દ્વિતીય** : શેઠ એક્તા (મેઘનાદ)
**તૃતીય** : કાપડિયા તુલસી (ધવલગિરિ)

**અંગ્રેજી સુલેખન સ્પર્ધા: તા.૧૦-૭-૯૫**

પ્રથમ : શાહ કુનુર (રત્નદીપ)
દ્વિતીય: વ્યાસ ક્ષમા (રત્નદીપ)
તૃતીય: શેઠ એક્તા (મેઘનાદ)
શાહ નિસર્ગ (મેઘનાદ)

**ગુજરાતી સુલેખન સ્પર્ધા: તા.૧૦-૭-૯૫**

પ્રથમ: પારેખ નીરવ (ગંગોત્રી)
દ્વિતીય: શાહ કુનુર (રત્નદીપ)
તૃતીય: ગોસલીયા મનન (ગંગોત્રી)

**હિન્દી સુલેખન સ્પર્ધા: તા. ૧૦-૭-૯૫**

પ્રથમ: શાહ કુનુર (રત્નદીપ)
દ્વિતીય: ગોસલીયા મનન (ગંગોત્રી)
તૃતીય: પુરાણી વૈભવ (મેઘનાદ)

## અભિનંદન

**ચિત્ર:** યુવક સેવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિની લલિતકલા અકાદમી દ્વારા આયોજીત ૩૫ મા ગુજરાત રાજય કલા પ્રદર્શનમાં મહેતા શેમોલી ઈલેશભાઈની કૃતિને રુ.૧૦૦નું ઈનામ તથા પ્રમાણપત્ર મળ્યું છે તે બદલ ધન્યવાદ. આ જ પ્રદર્શનમાં વ્યાસ મૌલિક્નું ચિત્ર પણ પ્રદર્શિત થયું હતું તે માટે અભિનંદન.

યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ હૈદ્રાબાદ આયોજીત ચિત્ર સ્પર્ધામાં શાહ સ્તુતિ નલીનભાઈને સુવર્ણચંદ્રક તથા પ્રમાણપત્ર, દેસાઈ દક્ષ અમલભાઈને તથા શાહ રોહન નીરેનભાઈને ડિપ્લોમા ઓફ ડીસ્ટીંક્શનનું પ્રમાણપત્ર મેળવવા બદલ ધન્યવાદ.

આઠમા કાગાવા બીનીયલ વર્લ્ડ ચિલ્ડ્રન આર્ટ એક્ઝીબીશનમાં સોપારકર બંદીશ સૌરભભાઈએ સુવર્ણચંદ્રક અને પ્રમાણપત્ર મેળવ્યા છે તે માટે ધન્યવાદ.

યુનિસર્ચ આયોજીત ચિત્ર સ્પર્ધામાં મહેતા ધ્રુવીને પ્રથમ ઈનામ મેળવવા બદલ ધન્યવાદ.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા આયોજીત તત્કાલ ચિત્ર સ્પર્ધામાં જુનિયર ગ્રુપમાં પાછીયા હિરલને તથા શાહ જીગરને આશ્વાસન ઈનામ અને સિનિયર ગ્રુપમાં પાછીયા બિનોલીને ત્રીજું ઈનામ મેળવવા બદલ ધન્યવાદ.

**કરાટે:** ૫મું ગુજરાત રાજય ટેક્વેન્ડો ચેમ્પનીયનશીપમાં જેટલી કાર્તીક્ને ત્રીજું ઈનામ મેળવવા બદલ અભિનંદન.

Jukado Institute of Martial Arts -આયોજીત ૧લા ગુજરાત રાજય ચેમ્પીયનશીપમાં વ્યાસ પ્રિયમને પ્રથમ ઈનામ મેળવવા બદલ ધન્યવાદ.

યોગ અને માર્શલ આર્ટસ એકેડમી ઓફ ઈન્ડિયામાં શાહ ભૌમિક્ને વ્હાઈટ બેલ્ટ તથા યલો બેલ્ટ મેળવવા બદલ અભિનંદન.

**સ્કેટીંગ:** ધી રોલર સ્કેટીંગ એસોસીએશન ઓફ ઈન્ડિયા આયોજીત અમદાવાદ જીલ્લા રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપમાં શાહ નેમિલને ત્રીજું ઈનામ મેળવવા બદલ અભિનંદન.

**તરણસ્પર્ધા:** જલતરંગ ક્લબ આયોજીત તરણસ્પર્ધામાં ગાંધી શાલ્વીને કપ તથા પ્રમાણપત્ર મેળવવા બદલ અભિનંદન.

## વિનયમંદિર

પરિણામ: માર્ચ ૧૯૯૫ માં લેવાયેલ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું શાળાનું પરિણામ ૯૮ ટકા આવ્યું છે,જેમાં **વ્યાસ આશિષ અતુલભાઈ** બોર્ડમાં ૬ઠું અને કેન્દ્રમાં પાંચમું સ્થાન મેળવે છે તે બદલ ધન્યવાદ.

એચ.એસ.સી. સામાન્ય પ્રવાહની પરીક્ષાનું શાળાનું પરિણામ ૯૭ ટકા આવ્યું છે, જેમાં **પાઠક વિશ્રુત ચંદ્રમૌલિ** બોર્ડમાં અને કેન્દ્રમાં બીજું સ્થાન પ્રાપ્ત કરે છે તે બદલ ધન્યવાદ.

માર્ચ ૧૯૯૫ માં લેવાયેલ ન્યુ એસ.એસ.સી. પરીક્ષાનું શાળાનું પરિણામ ૯૧ ટકા આવ્યું છે.

શાળામાંથી નીચેના વિદ્યાર્થીઓને ઈનામ મળે છે તે માટે તે સૌને અભિનંદન.

૧: વ્યાસ આશિષ અતુલભાઈ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ સ્વ.પન્નાબહેન ગાંધીના સ્મરણાર્થે ઈનામ રુ.૧૨૫.

૨: પાઠક વિશ્રુત ચંદ્રમૌલિ, એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ, સ્વ. પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે ઈનામ રુ.૧૨૫.

૩: શાહ ઋષિત અતુલકુમાર ન્યુ એસ.એસ.સી. સ્વ.કલ્યાણભાઈ ગાંધીના સ્મરણાર્થે ઈનામ રુ.૧૨૫.

૪: ન્યુ એસ.એસ.સી., એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ પરીક્ષાઓમાં શાળામાં પ્રથમ આવનાર નીચેની વિદ્યાર્થીનીઓને સ્વ.તનુલતાબહેન પટેલના સ્મરણાર્થે દરેક્ને રુ.૧૦૧ ના ઈનામો મેળવવા બદલ ધન્યવાદ.
(૧) મહેતા હેલી ધીરજભાઈ (૨) મોદી જૈની સુરેશભાઈ (૩) શાહ હિરલ વિરેન્દ્રભાઈ

૫: પટેલ અનાર અશોક્ભાઈ ન્યુ એસ.એસ.સી. સંસ્કૃતમાં પ્રથમ સ્વ. વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે ઈનામ રુ.૧૨૫

૬: શાહ જયના જગતભાઈ ન્યુ એસ.એસ.સી. સંસ્કૃતમાં દ્વિતીય સ્વ.વલ્લભરામ વૈદ્યના સ્મરણાર્થે ઈનામ રુ.૧૦૧

૭: બક્ષી દર્શક અપૂર્વભાઈ એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનમાં પ્રથમ, સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે ઈનામ રુ.૧૨૫ તથા શાહ રાજવી નીતીનભાઈ દ્વિતીય ઈનામ રુ.૧૦૧.

૮: લલિતકલા ક્ષેત્રે આગવી સિદ્ધિ હાંસલ કરવા બદલ પૂજ્ય કાશીબેન વલ્લભરામ વૈદ્ય તરફથી સોપારકર રુચિને પ્રથમ ઈનામ રુ.૧૨૫ , ટંકશાળી શર્વિલને દ્વિતીય ઈનામ રુ.૧૦૧.

**ચૂંટણી** : તા.૧-૭-૯૫ ના રોજ મહામંત્રી, ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેનું પરિણામ નીચે મુજબ આવ્યું.

મહામંત્રી :(ભાઈઓ) શાહ અર્પિત ૯અ,
(બહેનો) ફોજદાર વિરાજ ૯ક,
ઉપમંત્રી :(ભાઈઓ) શાહ સર્જન ૯ક
(બહેનો ) દવે અનેરી ૯અ

ઈતરપ્રવૃત્તિને અનુલક્ષીને આંતરગૃહોના નેતા -ઉપનેતાની પસંદગી નીચે મુજબ કરવામાં આવી છે.

મેઘદૂત : (ભાઈઓ) નેતા ઠક્કર દર્શન ૯બ
ઉપનેતા સાફી ચિરાગ ૯ અ
(બહેનો) નેતા શાહ દેવાંગી ૯ બ
ઉપનતા શાહ શિરાલી ૯ બ
ચંદ્રમૌલિ: (ભાઈઓ) નેતા વ્યાસ ક્ષિતિશ ૯ ક
ઉપનેતા વ્યાસ દૈવિક ૯ ક
(બહેનો ) નેતા દેસાઈ ધ્વનિ ૯ અ
ઉપનેતા શાહ ભૂમિકા ૯ અ
પદ્મપુકુર: (ભાઈઓ) નેતા મહેતા રિંકલ ૯ અ
ઉપનેતા શાહ ઋતુલ ૯ અ
(બહેનો) નેતા સોમાણી પંક્તિ ૯ બ
ઉપનેતા દેસાઈ અનાર ૯ બ
ગીતગોવિંદ : (ભાઈઓ) નેતા મહેતા મુંજાલ ૯ બ
ઉપનેતા ઠક્કર ભાવિક ૯ બ
(બહેનો) નેતા શાહ રિધ્ધિ ૯ બ
ઉપનેતા પરીખ રત્ના ૯ બ

**સૌ વિદ્યાર્થીભાઈ-બહેનોને અભિનંદન**

## અભિનંદન

હરિઓમ આશ્રમ પ્રેરિત તથા ગુજરાત યુનિવર્સીટી સંચાલિત રામાનુજન ગણિત સ્પર્ધામાં શાહ અનુજ રાજુભાઈ અમદાવાદ કેન્દ્રમાં પ્રથમ તથા શાહ દર્શીલ દ્વિતીય આવીને ઈનામો તથા પ્રમાણપત્ર મેળવેલ છે તે બદલ ધન્યવાદ.

ગુજરાત રાજય લલિતકલા અકાદમી આયોજીત ઉપમા રાજયકલા પ્રદર્શનમાં શાહ અર્પીને ઈનામ મેળવવા બદલ અભિનંદન.

રાજપથ ક્લબ આયોજીત સ્કેટીંગ સ્પર્ધામાં મહેતા અનોલી મ્યુઝીકલ રેઈસ તથા રીંક રેઈસમાં તૃતીય ઈનામ મેળવે છે તે બદલ ધન્યવાદ.

## ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોને....

સંસ્થામાં ભણી ગયેલા વિદ્યાર્થી ભાઈ બહેનોની કોમ્પ્યુટર યાદી તૈયાર થઈ રહી છે. જેમણે હજી ફોર્મ્સ ભર્યા ન હોય તેમણે શાળાની ઓફીસમાંથી ફોર્મ મેળવી ભરીને પરત કરવા. જેનો રજીસ્ટ્રેશન નંબર નવા એડમીશન માટે પણ જરુરી છે.

## મલ્ટીકોર્સ :

ઓગષ્ટ ૧૯૯૫ થી સંસ્થામાં **હોમ લાઈફ એન્ડ પર્સનાલીટી ડેવેલપમેન્ટ ફોર લેડીઝ** તથા **ફોટોગ્રાફી** ના સર્ટીફીકેટ કોર્સ શરુ કરવાનું નકકી કર્યું છે, તેનો સમયગાળો પહેલી ટર્મ પૂરતો મર્યાદિત રહેશે. આ કોર્સમાં દાખલ થવા ઈચ્છતા વિદ્યાર્થી ભાઈ કે બહેને ઓફીસનો સંપર્ક સાધવો.

## પુસ્તક પરિચય:

ગુજરાતીમાં ફોટોગ્રાફી માટેની માહીતી આપતું " **કેમેરાનો સમુચિત ઉપયોગ**" એ નામનું શ્રી વિક્રમ દલાલનું સુંદર પુસ્તક તાજેતરમાં જ પ્રકાશિત થયું છે.

આ વિષયનું પ્રાથમિક જ્ઞાન પણ ન હોય તેવા માટે તેમજ જેઓ ઘણાં સમયથી ફોટોગ્રાફી કરી રહયા હોય તે સૌને મદદરુપ થાય તેવી માહિતી આ પુસ્તકમાં તો છે જ પરંતુ સુઘડ છપાઈ, વિચારપૂર્વક ચર્ચેલા મુદ્દાઓ તેમજ વ્યવહારુ માર્ગદર્શન પુસ્તકની વિશિષ્ટતાઓ છે.

વિક્રમભાઈનું ભૌતિકશાસ્ત્રનું ઊંડું જ્ઞાન અને આ વિષય શિખવવાનો તેમનો લાંબો અનુભવ ગુજરાતી પ્રકાશનમાં નવી ભાત પાડે છે.

લેખકે લેન્સ, કેમેરા,ફ્લેશ અને ફિલ્મ જેવા અનેક અંગ્રેજી શબ્દોનો ઉપયોગ કર્યો છે તે સારું જ છે કારણ કે ફોટોગ્રાફી કરનાર ગુજરાતીઓ આ શબ્દોનો સાહજિક રીતે ઉપયોગ કરે જ છે પરંતુ તેટલી જ સાહજિકતાથી વપરાતા શટર, નેગેટીવ,એપેર્ચર જેવા શબ્દોના ભાષાંતરનો ઉપયોગ પ્રવાહિતાને અવરોધરુપ બનતો હોય તેવું લાગે છે.

ફોટોગ્રાફી માટે એક અત્યંત ઉપયોગી અને માહિતી સમૃધ્ધ આ પુસ્તક ગુજરાતીમાં આપીને શ્રી વિક્રમભાઈએ ટેક્નીકલ માહિતી આપતું પુસ્તક કેવું હોવું જોઈએ તેનો નમૂનો પૂરો પાડયો છે.

## શ્રધ્ધાંજલિ ......

શારદામંદિર ટ્રસ્ટીમંડળના ભૂતપૂર્વ સંનિષ્ઠ કાર્યકર શ્રી વસુબહેન રમણલાલના અવસાનની નોંધ લેતા અમે ભારે દુઃખની લાગણી અનુભવીએ છીએ. ઈશ્વર સદગતના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

તંત્રી,મુદ્રક,પ્રકાશક: **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ ૩૮૦૦૦૭.
મુદ્રણ સ્થળ : ઉમા પ્રિન્ટરી માધુપુરા, અમદાવાદ-૧.